અમદાવાદમાં નશેડી કારચાલકોનો આતંક, બે યુવકોના જીવ લેનાર કાર ડ્રાઈવર સામે માનવવધનો ગુનો દાખલ

અમદાવાદ,

અમદાવાદ શહેરના માર્ગો હવે સામાન્ય જનતા માટે સુરક્ષિત રહ્યા નથી. મોત સતત માથે મંડરાતું રહે છે. શહેરના માર્ગો પર ડ્રિન્ક એન્ડ ડ્રાઇવ અને હિટ એન્ડ રનના કેસ સતત સામે આવી રહ્યા છે. રીપલ પંચાલે સર્જેલા અકસ્માતને લોકો હજુ ભૂલ્યા નથી ત્યાં તો અમદાવાદના નરોડા-દહેગામ રોડ પર એક શખ્સે નશાની હાલતમાં પૂરપાટ ઝડપે બેફામ કાર હંકારી બે યુવકોનો ભોગ લીધો છે.

અકસ્માત સર્જાયાં બાદ લોકોનું ટોળું ભેગું થઇ ગયું હતું અને પીધેલી હાલતમાં ડ્રાઇવિંગ કરી રહેલા કારચાલકને મેથીપાક ચખાડ્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ દોડી આવી હતી. જોકે આ પ્રકારની ઘટનાઓ હવે શહેરમાં સામાન્ય બની જતાં કથળતા જતા કાયદા અને વ્યવસ્થાને સામે સવાલો ઉઠી રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર રવિવારે મોડી રાત્રે નરોડા-દહેગામ રોડ પર એક્ટિવા પર બે યુવકો જઇ રહ્યા હતા. આ દરમિયાન પીધેલી હાલતમાં કાર ચલાવી રહેલા ગોપાલ પટેલ નામના શખ્સે પૂરપાટ ઝડપે કાર ડિવાઇડર ચઢાવી દેતાં કાર ડિવાઇડર કૂદી રોંગ સાઇડમાં જતી રહી હતી.

આ દરમિયાન સામેથી આવી રહેલા અમિત રાઠોડ અને વિશાલ રાઠોડની એક્ટિવાને કારની ટક્કર વાગતાં બંને યુવકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર કાર ચાલક ગોપાલ પટેલ નામનો શખ્સ નશામાં ટલ્લી હતો અને લથડીયા ખાતો હતો. અકસ્માત સર્જાયાં બાદ સ્થાનિક લોકોને કાર ચાલકને પકડી પાડી મેથીપાક પણ ચખાડ્યો હતો. આ અકસ્માતના સીસીટીવી પણ સામે આવ્યા છે, જે હચમચાવી દે એવા છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ ગ્રામ્ય ડીસીપીએ જણાવ્યું હતું કે કારચાલક ગોપાલ પટેલ ભાટ ગામથી પીધેલી હાલતમાં કાર લઈને નીકળ્યો હતો અને નરોડા તરફ જઇ રહ્યો હતો. આ દરમિયાન રીક્ષાને ઓવરટેક કરવા જતાં કાર ડિવાઇડર ચઢીને સામેની તરફના રોડ ચડી ગઇ હતી. તે જ સમયે એક્ટિવા પર આવી રહેલા બે યુવકોને કારની ટક્કર વાગતાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. હાલમાં આરોપીની ધરપકડ કરી તેના વિરૂદ્ધ માનવવધનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

શહેરના તપોવન સર્કલ પાસે ગત રાત્રીએ ચાંદખેડા પોલીસનો સ્ટાફ વાહનચેકિંગમાં હતો ત્યારે એક કાળા રંગની ફોર્ચ્યુનર કારને રોકવા જતા કારચાલકે કારને પોલીસ પર ચઢાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે બે પોલીસ કર્મચારીએ કારનો દરવાજો પકડી રાખતા કારચાલક બંનેને અગોરા મોલ સુધી ઘસેડી ગયો હતો અને બાદમાં નીચે પટકાવીને ફરાર થઇ ગયો હતો. ચાંદખેડા પોલીસે આ અંગે કારચાલક અને તેની સાથે રહેલી મહિલાની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદમાં માલેતુજાર નબીરાઓ મધરાતે દારૂ પીને છાકટા બની જાય છે અને હિટ એન્ડ રનને અંજામ આપે છે. હમણાં જ બોપલના એક નબીરાને લોકોએ ફટકાર્યો પણ પોલીસે કાયદો-વ્યવસ્થાના નામે તેને રક્ષણ આપી સવારે કોર્ટમાં રજૂ કર્યો અને ક્ષણવારમાં જામીન પર છૂટી પણ ગયો. ભાજપના સંસ્કારી નેતાઓને આવી ઘટનાઓ સામાન્ય લાગે છે. અત્યાર સુધી એમ લાગતું હતું કે દારૂ બનાવવા, વેચવા અને પીવા માટે સેટીગ ચાલે છે પરંતુ ઓવરડોઝમાં ડ્રાઇવિંગ કરીને અકસ્માત સર્જે તો પણ તેને છોડાવવાના સેટીગ ચાલે છે. પરંપરા અને સંસ્કારની વાતો વચ્ચે વાસ્તવિકતા એવી છે કે ગુજરાત નશામાં ઝૂમી રહ્યું છે. લોકો કમોતે મરે તો સરકારને કોઇ વાંધો નથી. ૨૦૨૪ના છ મહિનામાં જ દારૂ પીને વાહન ચલાવવાના ૧૪૭૭૫ કિસ્સા નોંધાયા છે, જ્યારે ૨૦૨૦ થી ૨૦૨૩ દરમ્યાન હિટ એન્ડ રનના ૪૮૬૦ કેસોમાં ૩૪૪૯નાં મોત થયાં છે અને ૨૭૨૦ને ઈજાઓ થઇ છે. અમદાવાદ ગ્રામ્ય ડીસીપીએ જણાવ્યું હતું કે કારચાલક ગોપાલ પટેલ ભાટ ગામથી પીધેલી હાલતમાં કાર લઇને નીકળ્યો હતો અને નરોડા તરફ જઇ રહ્યો હતો. આ દરમિયાન રીક્ષાને ઓવરટેક કરવા જતાં કાર ડિવાઇડર ચઢીને સામેની તરફના રોડ ચડી ગઇ હતી. તે જ સમયે એક્ટિવા પર આવી રહેલા બે યુવકોને કારની ટક્કર વાગતાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. આ સમયે બે પોલીસ કર્મચારીએ કારનો દરવાજો પકડી રાખતા કારચાલક બંનેને અગોરા મોલ સુધી ઘસેડી ગયો હતો અને બાદમાં નીચે પટકાવીને ફરાર થઇ ગયો હતો.

વડોદરામાં પ્રોહિબિશન અને વાહન ચોરીના ગુનામાં સંડોવાયેલા ત્રણ આરોપીને પાસા

વડોદરા,

પ્રોહીબીશન તથા વાહનચોરીના ગુનાઓમાં સંડોવાયેલા ત્રણ ઈસમોની પાસા ધારા હેઠળ અટકાયત કરાઈ હતી. જેમાંથી બેને સુરત જ્યારે એકને ભાવનગર મધ્યસ્થ જેલમા મોકલી આપવામાં આવ્યા છે.

વડોદરા શહેરમાંથી શરીર સબંધી, મિલ્કત સબંધી, સાયબર ઓફેન્ડર, નાણા ધીરધાર, ટાફીક ઈમોરલ, આર્મ્સ એક્ટ, જાતીય સતામણી તેમજ પ્રોહીબીશન તથા જુગારની પ્રવૃત્તિ આચરતા ગુનેગારોને તેઓની ગુનાકીય પ્રવૃત્તિને ધ્યાને લઇ તેઓ વારંવાર આવા ગુનાઓ ન આચરે તેમજ આવા અરોપીઓની સતત ચાલતી ગુનાકીય પ્રવૃત્તિ ઉપર અંકુશ મેળવવા માટે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. શહેર વિસ્તારમાં પોલીસ સ્ટેશનો ખાતે નોંધાતા ગુનાઓનું સતત મોનીટરીંગ કરી અને આવા ગુનાઓમાં સંડોવાયેલલા ગુનેગારોની પ્રવૃતિ ઉપર અંકુશ લાવવા માટે તેમજ શહેરમાં શાંતી અને ભાઇચારો જળવાઈ રહે તે હેતુથી તથા શહેરમાં ધાર્મિક પ્રસંગો દરમ્યાન પણ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેના માટે આવા આરોપીઓ પર પાસા અને તડીપારનો કોરડો વિઝવામાં આવી રહ્યો છે. આવા આરોપીઓને પાસા તેમજ ફદપારી (તડીપાર) હેઠળ અટકાયતી પગલા લેવાની પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર દ્વારા પણ સૂચના આપવામાં આવી હતી. પીસીબી દ્વારા ચોરી અને પ્રોવિસનના ગુનામાં વારંવાર સંડોવાતા ત્રણ આરોપી મુકેશ ઉર્ફે મુકુ નારાયણદાસ માખીજાની, વિજય રણજીત પઢીયાર તથા આરીફ અકબર મેઉની પાસા હેઠળ અટકાયત કરીને બેને સુરત અને એકને ભાવનગરની મધ્યસ્થ જેલમાં મોકલી આપવામાં આવ્યા છે.

વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટૂંક સમયમાં ૧૦ શાળાઓના નવા મકાન બાંધવા ખાતમુહૂર્ત કરશે

વડોદરા,

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત અટલાદરા સ્થિત ડો. શ્યામાપ્રસાદ મુખરજી પ્રાથમિક શાળાનું મકાન નવું બનાવવામાં આવશે. આજરોજ નવા મકાનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અહી ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ બે પાળીમાં બેસે છે. સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા ૨૩ ઓરડાનું નિર્માણ અંદાજિત ૪.૫૦ કરોડના ખર્ચે થનાર છે.

હાલ શાળાનું મકાન જૂનું થઈ ગયું હોવાથી નવું બનાવવાનો નિર્ણય અગાઉ કરવામાં આવ્યો હતો શાળાના પ્રાંગણમાં જ નવું બિલ્ડીગ બન્યા બાદ જૂનું બિલ્ડીગ ડિમોલિશ કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

આજરોજ મુખ્ય અતિથિ ડેપ્યુટી મેયર તેમજ શાળાની વિદ્યાર્થિનીઓના હસ્ત નવીન શાળા મકાનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ટૂંક સમયમાં તરસાલી, અકોટા, શહેર વગેરે વિસ્તારની ૧૦ જેટલી પ્રાથમિક શાળાઓના નવા મકાનનું ખાતમુહૂર્ત આશરે ૨૫ કરોડના ખર્ચે કરવામાં આવનાર છે, તેમ જાણવા મળ્યું છે. હજુ ગયા મહિને જ દયાનંદ સરસ્વતી પ્રાથમિક શાળા, એકતાનગરના નવીન શાળાના પ્લોટનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. આ શાળામાં બન્ને પાળીમાં ૧૫૦૦ થી પણ વધુ વિદ્યાર્થિઓ હાલ અભ્યાસ કરી રહ્યાં છે. આ શાળામાં જગ્યાના અભાવે વિદ્યાર્થીઓને પુરતા વર્ગખંડો, રમતના મેદાનનો અભાવ તથા બીજી અન્ય મુશ્કેલીઓ પડતી હતી. જેથી મહાનગર પાલિકાને રજૂઆત કરવામાં આવતા નવીન શાળાના નિર્માણ માટે પ્લોટ ફાળવવામાં આવ્યો હતો.

‘અજેય ભારત’ નો વિશ્વાસનો સંપૂર્ણ શ્રેય સરહદ પર ઊભેલા જવાનોને જાય છે: અમિત શાહ

રાજસ્થાનના જોધપુરમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સની ૬૦મી સ્થાપના દિવસની ઉજવણી પરેડમાં મુખ્ય અતિથિ તરીકે પોતાની હાજરી નોંધાવતી વખતે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે સ્પષ્ટ કર્યું હતું કે, દેશના ૧૪૦ કરોડ લોકોના મનમાં ‘અજેય ભારત’ નો વિશ્વાસનો સંપૂર્ણ શ્રેય સરહદ પર ઊભેલા જવાનોને જાય છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના કુશળ માર્ગદર્શન હેઠળ, છેલ્લા કેટલાક વર્ષોમાં આંતરિક સુરક્ષાથી સરહદ સુરક્ષામાં એક મોટો પરિવર્તન જોવા મળ્યો છે, અને આ સમગ્ર વિશ્વ દ્વારા સાક્ષી છે. ૬૦ વર્ષથી, હિંમત, બહાદુરી અને બલિદાનના આધારે, સીમા સુરક્ષા દળે માત્ર દેશની ફર્સ્ટ લાઈન ઑફ ડિફેન્સને ફક્ત મજબૂત કરવાનું જ નહિ પરંતુ તેણે સરહદ પર આવતા તમામ પડકારોનો સામનો કરીને દેશની સુરક્ષાની પ્રથમ લાઇનને પણ મજબૂત બનાવી છે. ૧ ડિસેમ્બર ૧૯૬૫થી સીમા સુરક્ષા દળ સતત દેશની પૂર્વી અને પશ્ચિમી સીમાઓની સુરક્ષાને મજબૂત કરવા માટે કામ કરી રહ્યું છે. શાહે સમગ્ર દેશને સંદેશ આપ્યો હતો કે દેશની સુરક્ષા માટે બલિદાન આપનાર જવાનોના દેશની જનતા હંમેશા ઋણી રહેશે. એક સમયે ૨૫ બટાલિયનથી શરૂ થયેલી આ દળ આજે ૨ લાખ ૭૦ હજાર સૈનિકોની સંખ્યા સાથે ૧૯૩ બટાલિયન સુધી પહોંચી ગઈ છે, જે વિશ્વની સૌથી મોટી સરહદ રક્ષક દળ છે. વર્ષ ૨૦૨૪માં પણ સરહદ સુરક્ષા દળના જવાનોએ અનેક ઓપરેશન દ્વારા નકલી ચલણ, માદક દ્રવ્ય, ઘૂસણખોરી અને ડાબેરી ઉગ્રવાદ સામે લડવાનો પોતાનો રેકોર્ડ જાળવી રાખ્યો છે. દેશના સંરક્ષણની પ્રથમ લાઇન તરીકે ૧,૯૯૨ સરહદ રક્ષકોએ તેમના જીવનનું બલિદાન આપ્યું છે અને તેમાંથી અત્યાર સુધીમાં ૧,૩૩૦ ને મેડલ એનાયત કરવામાં આવ્યા છે. જેમાં ૧ મહાવીર ચક્ર, ૬ કીર્તિ ચક્ર, ૧૩ વીર ચક્ર, ૧૩ શૌર્ય ચક્ર, ૫૬ આર્મી મેડલ અને ૧,૨૪૧ પોલીસ મેડલનો સમાવેશ થાય છે. (૨૦-૪)

૧૦ ડિસેમ્બરને આપણે ધરતીમાતા દિવસ તરીકે માનવીએ છીએ. આ ઓળખાણ આપણને સ્લોફૂડ નામની સંસ્થા દ્વારા મળી



અમદાવાદ, તેમનો મુખ્ય ઉદેશ છે ધરતી માતાનું રક્ષણ કરવું, તેનું મહત્વ સમજવું તેમજ સાથે તેની માવજત કેવી રીતે કરાવી અને “ધરતી માતા” જે આપે છે તેને અર્પણ કરવું.

એટલે જે ધરતી માતાએ આપ્યું તે તેને અર્પણ કરીએ અને જે લુપ્ત થઇ રહ્યું છે પછી ટે ભોજન, સંગીત, રમતો કે રીત રીવાજ હોય તેનું સંગ્રહ કરવું અને લોકો સુધી પહોચાડવું ટે આજના દિવસનો ખાસ ઉદેશ્ય છે.

ખોરાક, મનુષ્ય અને કુદરત (પર્યાવરણ) આ ત્રણે વસ્તુ એકબીજા સાથે સુસંગત છે એટલે કે અનુબંધિત છે તેથી આ ત્રણે મુદ્દાના મહત્વને ધ્યાનમાં રાખી આ વર્ષે (આજના દિવસે) ઈ.એ.ફો.સે.એ.વિમેન આ કાર્યક્રમ ઉજવી રહ્યું છે.

“ઇન્ડિયન એકેડેમી ફોર સેલ્ફ એમ્પ્લોઈડ વીમેન”(છજીઈઉ) જેની સ્થાપના વર્ષ ૨૦૦૫માં કરવામાં આવી હતી. જેને બહેનોની યુનિવર્સીટી તરીકે પણ ઓળખવામાં આવે છે. તેના ડાયરેક્ટર શ્રી નમ્રતાબેન બાલી છે. સંસ્થાની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ્ય શ્રમજીવી બહેનો અને કિશોરીઓનો જુદી-જુદી પ્રવૃત્તિઓ દ્વારા શક્તિવિકાસ કરવાનો અને તેઓ પગભર થાય તે માટે તેમને જુદી-જુદી પ્રવૃત્તિઓ દ્વારા જાગૃત કરવાનો છે. (૧૯-૮)

આ વર્ષે શાકાહારી થાળી ૭ ટકા મોંઘી થઈ ગઈ

નવી દિલ્હી, મધ્યમ વર્ગને પડ્યો મોંઘવારીનો વધુ એક માર પડ્યો છે. નવા વર્ષની શરૂઆત થઈ રહી છે, અને ૨૦૨૪ નું વર્ષ વિદાય લઈ રહ્યું છે ત્યારે આ વર્ષે શાકાહારી થાળી ૭ ટકા મોંઘી થઈ ગઈ છે. રેટિંગ એજન્સી ક્રિસિલના રિપોર્ટમાં નવા આંકડા સામે આવ્યા છે. જાન્યુઆરીની સરખામણીએ નવેમ્બરમાં થાળીના ભાવ ૭ ટકા વધ્યા છે. ટામેટા અને બટાકાના ભાવ વધતા પડી અસર છે. આ વર્ષે ટામેટાના ભાવમાં ૩૫ ટકા, બટાકાના ભાવમાં ૫૦ ટકાનો વધારો થયો છે. દાળની કિંમતમાં ૧૦ ટકા વધારો થતા થાળીના ભાવ પર અસર પડી છે. જો તમે શાકાહારી છો તો હવેથી તમને બહાર ખાવા માટે વધુ ખર્ચ કરવો પડશે. જો તમે નોન-વેજીટેરિયન હોવ તો તે થોડું ઓછું મોંઘું પડશે. પરંતુ એક વાત ચોક્કસ છે કે તમારી જમવાની પ્લેટ મોંઘી થઈ ગઈ છે. નવેમ્બર મહિનામાં જ તમારી વેજ થાળી સાત ટકા અને નોનવેજ થાળી બે ટકા મોંઘી થઈ ગઈ છે. જે બરાબર એક વર્ષ પછી નવેમ્બર ૨૦૨૪માં ૩૫ ટકા વધીને રૂ. ૫૩ પ્રતિ કિલો થઈ ગયો. તે જ સમયે, બટાકાની કિંમત પણ ૫૦ ટકા વધીને ૨૫ રૂપિયા પ્રતિ કિલોથી વધીને ૩૭ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

રેટિંગ એજન્સી ક્રિસિલે પોતાનો રિપોર્ટ જાહેર કરતી વખતે કહ્યું કે, આ ખાદ્ય ફુગાવો ટામેટાં અને બટાકાની કિંમતોમાં વધારાને કારણે થયો છે. વેજ થાળીની કિંમત એક વર્ષ પહેલા ૩૦.૫ રૂપિયાથી વધીને ૩૨.૭ રૂપિયા થઈ ગઈ છે. નવેમ્બર ૨૦૨૩માં ટામેટાની કિંમત ૪૦ રૂપિયા પ્રતિ કિલો હતી. ક્રિસિલે કહ્યું કે, ખર્ચ ઉપરાંત, આયાત દરોમાં વધારો અને તહેવારો અને લગ્નોના કારણે વનસ્પતિ તેલના ભાવમાં વાર્ષિક ધોરણે ૧૩ ટકાનો વધારો થયો છે. મોંઘવારીનું બીજું કારણ કઠોળના ભાવમાં વધારો છે. જેની કિંમતોમાં વાર્ષિક ૧૦ ટકાનો વધારો થયો છે.

અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે વનસ્પતિ તેલ, ડુંગળી અને બટાકાની કિંમતોમાં વધારો થવાથી થાળીની કિંમતમાં વધારો થયો છે. જ્યારે નોન-વેજ થાળી માટે, બ્રોઈલર ચિકનના ભાવમાં ૨ ટકાના વધારાથી થાળીના ભાવમાં વધારો થયો છે. નવેમ્બરમાં નોનવેજ થાળીની કિંમત એક વર્ષ પહેલા ૬૦.૪ રૂપિયાથી વધીને ૬૧.૫ રૂપિયા થઈ ગઈ છે. આ મોંઘવારી વધુ વધી શકે છે.

દેશમાં ખુલશે ૮૫ કેન્દ્રીય અને ૨૮ નવોદય વિદ્યાલય

નવી દિલ્હી, કેન્દ્રીય કેબિનેટે બે મોટા નિર્ણય લીધા છે. સરકારે દેશભરમાં ૮૫ નવી કેન્દ્રીય વિદ્યાલય ખોલવાનો નિર્ણય કર્યો છે. આ સાથે દેશભરમાં ૨૮ નવી નવોદય સ્કૂલ પણ ખોલવામાં આવશે. કેબિનેટના આ નિર્ણયથી દેશભરના ૮૦ હજારથી વધુ છાત્રોને ફાયદો મળશે. આ સિવાય કેબિનેટે દિલ્હી મેટ્રોના ફેઝ-૪માં રિઠાલા-નરેલા-કુંડલી કોરિડોરને મંજૂરી આપી છે. મોદી કેબિનેટે દેશભરમાં ૮૫ નવી કેન્દ્રીય વિદ્યાલય ખોલવાનો નિર્ણય કર્યો છે. સરકારના આ નિર્ણયથી ૮૨૫૬૦ વિદ્યાર્થીઓને ફાયદો થશે. આ સિવાય ૫૩૮૮ નવી નોકરીઓ ઉભી થશે. તે માટે સરકારે ૫૮૭૨ કરોડ રૂપિયાની મંજૂરી આપી છે. આ સિવાય સરકારે ૨૮ નવી નવોદય વિદ્યાલય ખોલવાને પણ મંજૂરી આપી છે. આ સ્કૂલોથી ૧૫૬૮૦ વિદ્યાર્થીઓને લાભ થશે. નવી કેન્દ્રીય અને નવોદય વિદ્યાલયો માટે કુલ ૮૨૩૨ કરોડ રૂપિયાના બજેટને મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્રીય કેબિનેટે દિલ્હી મેટ્રોના ફેઝ-૪ના રિઠાલા-નરેલા-કુંડલી કોરિડોરને મંજૂરી આપી છે. જૂનમાં ત્રીજીવાર સરકાર બન્યા બાદ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખાસ ફોકસ કરવામાં આવ્યું છે. સરકારે સાડા ૯ કરોડ રૂપિયાના નિર્ણયો કર્યા છે. ૨૦૨૪ પહેલા પાંચ શહેરોમાં મેટ્રો શરૂ થઈ શકી હતી, હવે ૨૩ શહેરોમાં મેટ્રો પહોંચી ગઈ છે. ૨૦૧૪ પહેલા જ્યાં માત્ર ૨૪૮ કિમી મેટ્રો બની હતી, હવે ત્રણ ગણાથી વધુ કિલોમીટર મેટ્રો બની છે. તો ૧૦૦૦ કિમી મેટ્રોનું કામ દેશમાં ચાલી રહ્યું છે.

SACHETA METALS LIMITED

(GOVT. RECOGNISED EXPORT HOUSE)

CIN NO. L51100GJ1990PLC013784

MFRR & EXPORTER OF ALU & ST. STEEL KITCHENWARE CUTLERY & HOUSEWARE ITEMS

REGD. OFFICE: BLOCK NO. 33, SACHETA UDYOG NAGAR, VILLAGE MAHIYAL,TALOD, SABARKANTHA, PRANTIJ, GUJARAT,383215

CORPO. OFF: SEJ PLAZA BLDG, 502/5TH FLOOR, MARVE ROAD, NEAR NUTAN SCHOOL, MALAD WEST, MUMBAI-400064, MAHARASHTRA

TEL NO: 00 91 22 28725948 /

E-MAIL: sacheta@sacheta.com, **WEB SITE:** www.sacheta.com

NOTICE FOR INTERIM DIVIDEND AND RECORD DATE

NOTICE is hereby given that the Board of Directors of the company, at its meeting held on Tuesday 10th December, 2024 has declared an Interim Dividend **@ Rs. 0.05/- per Equity Share of face value of Rs. 2/- each (i.e. 2.5% of the paid-up equity share capital of the company)**for the financial year 2024-25. Further, pursuant to the applicable provision of the Companies Act, 2013, the Board of Directors at its meeting held on 10th December, 2024 has fixed **Saturday, 21st December, 2024** as "Record Date" for ascertaining entitlement for the payment of Interim Dividend for the Financial year 2024-25.

The above information is also available on the website of the company www.sacheta.com and on the website of the Stock Exchange where the shares of the company are listed i.e. BSE Limited https://www.bseindia.com/.

For Sacheta Metals Limited
sd/-
Satishkumar K. Shah
Managing Director
DIN:00237283

Place: TALOD
Date: 10th December, 2024

સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Home Finance | રજિસ્ટર્ડ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ- ૪૦૦૦૫૧

કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, જેબી નગર, અંધેરી કુર્લા રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ-૪૦૦૦૫૯

બ્રાન્ચ ઑફિસઃ શોરૂમ નં. ૨, પહેલો માળ, ઓફિસ નં. બી-૧૨૦, શાંતિનિકેતન બિઝનેસ પાર્ક, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦

જ્યારે

સિક્યોરિટાઈઝેશન, રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટના નિયમ ૩ સાથે વાંચેલા સેક્શન ૧૩ (૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાના ઉપયોગ હેઠળ આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી કરવામાં આવી છે. (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨, ઉલ્લેખિત રકમની ચૂકવણી કરવા માટે નીચે દર્શાવેલ ઉધાર લેનારાઓ પર ડિમાન્ડ નોટિસ જારી કરી નોટિસમાં આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર.

ઉધાર લેનાર રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયો હોવાથી, આથી ઋણ લેનાર અને સામાન્ય રીતે જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે કલમ ૧૩ (૪) હેઠળ તેને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબ્જો મેળવ્યો છે. આ અધિનિયમ નીચે જણાવેલ તારીખો પર ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચો. ખાસ કરીને લોન લેનારને અને સામાન્ય રીતે જનતાને આથી સાવચેતી આપવામાં આવે છે કે મિલકત સાથે વ્યવહાર ન કરવો અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડના ચાર્જને આધીન રહેશે.

અધિનિયમની કલમ ૧૩ ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ, ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે લેનારાનું ધ્યાન આમંત્રિત કરવામાં આવે છે.

ક્રમ નં	દેવાદારોનું નામ/દેવાદારોનું નામ/ લોન એકાઉન્ટ નંબર	મિલકતોની વિગતો / સાંકેતિક કબ્જાની તારીખ	ડિમાન્ડ નોટીસની તારીખ / ડિમાન્ડ નોટીસની રકમ (રૂા)	શાખાનું નામ
૧.	પૂરન પ્રસાદ (દેવાદાર), પ્રિયંકા પૂરન કેશરવાની (સહ-દેવાદાર), LHAHZ00001581952.	ફ્રી હોલ્ડ ફ્લેટ નં. બી ૪૦૭, ચોથો માળ, મિનાક્ષી એવેન્યુ, કુબેર નગર પોસ્ટ ઓફિસ પાસે, મહર્ષિ દયાનંદ રોડ, કુબેરનગર, અમદાવાદ ૩૮૭૦ અમદાવાદ ગુજરાત-૩૮૨૩૪૦. ઉત્તરે : પેસેજ પછી ફ્લેટ નં. બી-૪૦૨, દ્વારા, દક્ષિણે : ખુલ્લી જગ્યા પછી બાઉન્ડ્રી દ્વારા, પૂર્વે : ફ્લેટ નં. બી-૪૦૮ દ્વારા, પશ્ચિમે : ફ્લેટ નં. બી-૪૦૬ દ્વારા બંધાયેલ./કબ્જાની તારીખ : ૦૯-ડિસેમ્બર-૨૪	૧૮-૦૯-૨૦૨૪ રૂ. ૨૪,૧૭,૬૬૦.૨૬/-	અમદાવાદ-નિકોલ

ઉપરોક્ત ઉધાર લેનારા(ઓ)/બાંહેધરી આપનારાઓને આથી રકમ ચૂકવવા માટે ૩૦ દિવસની નોટિસ આપવામાં આવે છે, અન્યથા આ સૂચનાના પ્રકાશનની તારીખથી ૩૦ દિવસની સમાપ્તિ પર ગીરો મૂકેલી સુરક્ષા હિત (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ ના નિયમો ૮ અને ૯ હેઠળની જોગવાઈઓ હેઠળ મિલકતો વેચવામાં આવશે.

તારીખ : ડિસેમ્બર ૧૨, ૨૦૨૪. સ્થળ : અમદાવાદ — અધિકૃત અધિકારી, આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ વતી

JM FINANCIAL — જેએમ ફાઈનાન્સિયલ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

કોર્પોરેટ ઓળખ નં. U67190MH2007PLC174287

રજીસ્ટર્ડ ઓફિસ : સાતમો માળ, એનર્જી અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ - ૪૦૦૦૨૫.

સંપર્ક વ્યક્તિ : વરીયા વલ્લભભાઈ-૯૮૨૫૨૬૩૬૫૫, વિશાલ કેટેલે-૯૫૮૪૯૬૬૬૫૩, જ્યોતિ સવંત-૦૨૨-૬૨૨૪૧૬૭૬

ઈ-હરાજી વેચાણ નોટીસ — તાજુ વેચાણ

ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (સરફેસી એક્ટ) જેએમએફએઆરસી (જેએમ) (અહીં અસાઈની તરીકે ઓળખવામાં આવે છે) ની તરફેણમાં ૨૯ માર્ચ, ૨૦૨૩ ના રોજ અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ JMFARC-Aranya - Trust (સોંપણી કરાર) દ્વારા તેની ક્ષમતામાં કાર્ય કરે છે. તે સૂચિત કરવા માટે છે કે પીરામલ કેપીટલ અને હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ અંતર્ગત સુરક્ષા હિત સાથે લોનનો એક પૂલ (નીચે દર્શાવેલ લોન સહીત) અસાઈન કરેલ છે જે જોતાં તમામ ઓપરેશનલ અને કાર્યવાહી પ્રક્રિયાઓને સરળ બનાવવા માટે પીસીએચએફએલ સેવા પ્રદાતા / સંગ્રહ તરીકે કાર્ય કરવા માટે અધિકૃત અને નિયુકત કરવામાં આવેલ છે. સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ અસાઈમેન્ટ / સર્વિસ એગ્રીમેન્ટની કલમ ૫(૧) (બી) હેઠળ તમામ હકો, શીર્ષક અને તેના પરના હિત સાથે સરફેસી એક્ટ - ૨૦૦૨ હેઠળ સિક્યોર્ડ ક્રેડીટરના અધિકૃત અધિકારી દ્વારા અહીં ઉલ્લેખિત સુરક્ષિત મિલકતનો કબજો લેવાનાં અનુસંધાનમાં, ઉધારકર્તાઓ પાસેથી બાકી રકમની વસુલાત માટે, નીચે આમંત્રિત કરવામાં આવે છે. જે કબજામાં છે, જેમ છે તે પ્રમાણે છે, જેમ છે તે પ્રમાણે છે અને જેમ છે તે આધાર છે, જેની વિગતો નીચે આપેલ છે.

લોન કોડ/શાખા / ઉધારકર્તાઓ / સહ-ઉધારકર્તાઓ/જામીનદારો	ડીમાન્ડ નોટીસ ની તારીખ અને રકમ	મિલકતનું સરનામું	અનામત કિંમત	અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) (10% of RP)	બાકી લ્હેણી રકમ (૦૫.૧૨.૨૦૨૪)
Loan Code No. 013100010620 અમદાવાદ-સી જી રોડ (શાખા), મિહીર અરવિંદભાઈ દરજી (ઉધારકર્તા), ભાવનાબેન મિહીરભાઈ દરજી (સહ-ઉધારકર્તા-૧)	૨૨.૦૫.૨૦૨૧ રૂા. ૧૬,૯૪,૩૬૧/- (રૂા. સોળ લાખ ચોરાણું લાખ ત્રણસો એકસઠ પુરા)	તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકત એટલે કે ફ્લેટ નં. આઈ/૧, શીવમ એપાર્ટમેન્ટ, ઈસનપુર ગામ, ઈસનપુર, અમદાવાદ, ગુજરાત, પીન - ૩૮૨૪૪૩. ચતુઃસીમા :- ઉત્તરે : લીફ્ટ, દક્ષિણે : ઓટીએસ, પૂર્વે : ઓટીએસ, પશ્ચિમે : જગ્યા.	રૂા. ૧૨,૪૦,૦૦૦/- (રૂા. બાર લાખ ચાલીસ હજાર પુરા)	રૂા. ૧,૨૪,૦૦૦/- (રૂા. એક લાખ ચોવીસ હજાર પુરા)	રૂા. ૨૯,૫૬,૬૩૪/- (રૂા. ઓગણત્રીસ લાખ છપ્પન હજાર છસ્સો ચોત્રીસ પુરા)
Loan Code No. 20100044852 અમદાવાદ-સી જી રોડ (શાખા), સંજીવકુમાર નાઈ (ઉધારકર્તા), રચનાબેન સંજીવકુમાર નાઈ (સહ-ઉધારકર્તા-૧)	૨૨.૦૫.૨૦૨૧ રૂા. ૧૩,૬૬,૮૭૪/- (રૂા. તેર લાખ છાસઠ લાખ આઠસો ચુંમોતેર પુરા)	તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકત એટલે કે ફ્લેટ નં. બી/૩૦૩, નૈયા એપાર્ટમેન્ટ, રામોલ ટાલ પ્લાઝાની પાસે, આકૃતિ એપાર્ટમેન્ટ રોડ, રામોલ, અમદાવાદ, ગુજરાત-૩૮૨૪૪૯. ચતુઃસીમા : ઉત્તરે : રોડ, દક્ષિણે : ફ્લેટ નં. બી-૩૦૪, પૂર્વે : ફ્લેટનો માર્જીન, પશ્ચિમે : જગ્યા અને ફ્લેટ નં. બી-૩૦૨.	રૂા. ૧૦,૧૨,૫૦૦/- (રૂા. દસ લાખ બાર હજાર પાંચસો પુરા)	રૂા. ૧,૦૧,૨૫૦/- (રૂા. એક લાખ એક હજાર બસ્સો પચ્ચાસ પુરા)	રૂા. ૨૨,૭૫,૮૦૫/- (રૂા. બાવીસ લાખ પચ્ચોતેર હજાર આઠસો પાંચ પુરા)
Loan Code No. 13800002321 અમદાવાદ-સી જી રોડ (શાખા), માર્શનીલ ક્રિશ્નીન (ઉધારકર્તા), પ્રદિપ સિંઘ બી રાજપુત (સહ-ઉધારકર્તા-૧)	૧૪.૦૬.૨૦૨૧ રૂા. ૧૯,૬૩,૪૦૯/- (રૂા. ઓગણીસ લાખ ત્રેસઠ લાખ ચારસો નવ પુરા)	તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકત એટલે કે ફ્લેટ નં. બી૧/૨૦૮, વૈકુઠનાથ દર્શન, દુન સ્કુલની સામે, ન્યુ મણીનગર, રામોલ, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૪૪૯.	રૂા. ૧૭,૦૯,૧૦૦/- (રૂા. સત્તર લાખ નવ હજાર એકસો પુરા)	રૂા. ૧,૭૦,૯૧૦/- (રૂા. એક લાખ સિત્તેર હજાર નવસો દસ પુરા)	રૂા. ૩૦,૬૦,૧૮૮/- (રૂા. ત્રીસ લાખ સાઈઠ હજાર એકસો ઈઠયાસી પુરા)
Loan Code No. 16700001852 મહેસાણા (શાખા), ભરતકુમાર એસ રાવલ (ઉધારકર્તા), પૂજાબેન ભરતકુમાર રાવલ (સહ-ઉધારકર્તા-૧)	૧૪.૦૬.૨૦૨૧ રૂા. ૧૩,૮૪,૮૧૪/- (રૂા. તેર લાખ ચોર્યાસી લાખ આઠસો ચૌદ પુરા)	તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકત એટલે કે પ્લોટ નં. ૨૨, ગુરુ ગ્રીન રેસીડેન્સી, ગુરુ ગ્રીન રેસીડેન્સી, ભોયાણ, ગુજરાત - ૩૮૫૫૩૫. ચતુઃસીમા : ઉત્તરે : પ્લોટ નં. ૨૩, દક્ષિણે : પ્લોટ નં. ૨૧, પૂર્વે : આંતરીક રોડ, પશ્ચિમે : પ્લોટ નં. ૩૩.	રૂા. ૧૩,૨૮,૪૦૦/- (રૂા. તેર લાખ અઠયાવીસ હજાર ચારસો પુરા)	રૂા. ૧,૩૨,૮૪૦/- (રૂા. એક લાખ બત્રીસ હજાર આઠસો ચાલીસ પુરા)	રૂા. ૨૩,૪૧,૫૩૨/- (રૂા. ત્રેવીસ લાખ એકતાલીસ હજાર પાંચસો બત્રીસ પુરા)
Loan Code No. 06400008297 રાજકોટ (શાખા), સર્ણમભાઈ કાનાભાઈ વાલા (ઉધારકર્તા), અસ્મીતાબેન સર્ણમભાઈ વાલા (સહ-ઉધારકર્તા-૧)	૧૬.૦૬.૨૦૨૦ રૂા. ૩૧,૪૮,૬૪૮/- (રૂા. એકત્રીસ લાખ અડતાલીસ લાખ છસ્સો અડતાલીસ પુરા)	તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકત એટલે કે ફ્લેટ નં. એ-૩૦૧, ત્રીજો માળ, એ - વિંગ, વંદન, સાધુવાસ્વાણી રોડ, રાજ નગર ચોકની પાસે, ગીતાજંલી ભવનની પાછળ, રાજકોટ, ગુજરાત - ૩૬૦૦૦૧. ચતુઃસીમા : ઉત્તરે : માર્જીન પછી ૭.૫૦ મી. રોડ, દક્ષિણે : કોમન જગ્યા અને સીડી, પૂર્વે : ફ્લેટ નં. એ-૩૦૨, પશ્ચિમે : બી - વિંગ ની ફ્લેટ નં. બી-૩૦૨.	રૂા. ૨૪,૩૦,૦૦૦/- (રૂા. ચોવીસ લાખ ત્રીસ હજાર પુરા)	રૂા. ૨,૪૩,૦૦૦/- (રૂા. બે લાખ તેતાલીસ હજાર પુરા)	રૂા. ૫૪,૩૪,૧૦૬/- (રૂા. ચોપન લાખ ચોત્રીસ હજાર એકસો છ પુરા)
Loan Code No. 13800002340 & 1380002456 અમદાવાદ સી જી રોડ (શાખા), રણજીતસિંહ ઈશ્વરસિંહ રાજપુત (ઉધારકર્તા), પ્રિતી રણજીતસિંહ રાજપુત (સહ-ઉધારકર્તા-૧)	૧૬.૦૬.૨૦૨૧ રૂા. ૭,૩૦,૩૯૮/- (રૂા. સાત લાખ ત્રીસ લાખ ત્રણસો ઓગણચાલીસ પુરા) ૨૩.૦૭.૨૦૨૧ રૂા. ૨,૦૪,૭૮૧/- (રૂા. બે લાખ ચાર લાખ સાતસો એકયાસી પુરા)	તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકત એટલે કે ફ્લેટ નં. ઓ/૨૦૨, પેરેડાઈઝ પાર્ક, વંદે માતારમ એમ્પાયર, વિંઝોલ, અમદાવાદ, ગુજરાત, પીન - ૩૮૨૪૪૫. ચતુઃસીમા : ઉત્તરે : જગ્યા અને લીફ્ટ, દક્ષિણે : ઓટીએસ, પૂર્વે : જોડેનો ફ્લેટ, પશ્ચિમે : જોડેનો બ્લોક.	રૂા. ૬,૬૪,૨૦૦/- (રૂા. છ લાખ ચોસઠ હજાર બસ્સો પુરા)	રૂા. ૬૬,૪૨૦/- (રૂા. છાસઠ હજાર ચારસો વીસ પુરા)	રૂા. ૧૦,૬૫,૮૫૨/- (રૂા. દસ લાખ પાંસઠ હજાર આઠસો બાવન પુરા) રૂા. ૨,૪૫,૨૯૮/- (રૂા. બે લાખ પિસ્તાલીસ હજાર બસ્સો અઠ્ઠાણું પુરા)
Loan Code No. 20100044729 અમદાવાદ સીજી રોડ (શાખા), ભાવિનભાઈ બીપીનકુમાર શાહ (ઉધારકર્તા), જ્યોત્સનાબેન બીપીનકુમાર શાહ (સહ-ઉધારકર્તા-૧)	૧૪.૦૬.૨૦૨૧ રૂા. ૧૭,૪૦,૭૪૬/- (રૂા. સત્તર લાખ ચાલીસ લાખ સાતસો છેત્તાલીસ પુરા)	તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકત એટલે કે ફ્લેટ નં. એ/૪૦૩, શર્ણમ આઈકોન, પાર્શ્વનાથ હોસ્પિટલની સામે, કાલીકુંદ, ધોળકા, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૨૨૫. ચતુઃસીમા : ઉત્તરે : માર્જીન, દક્ષિણે : ફ્લેટ નં. એ/૪૦૪, પૂર્વે : ફ્લેટ નં. એ/૪૦૨, પશ્ચિમે : ફ્લેટ નં. એ/૪૦૨.	રૂા. ૧૫,૧૨,૦૦૦/- (રૂા. પંદર લાખ બાર હજાર પુરા)	રૂા. ૧,૫૧,૨૦૦/- (રૂા. એક લાખ એકાવન હજાર બસ્સો પુરા)	રૂા. ૨૪,૬૪,૬૩૩/- (રૂા. ચોવીસ લાખ ચોસઠ હજાર છસ્સો ત્રેત્રીસ પુરા)
Loan Code No. 13800001437 અમદાવાદ સીજી રોડ (શાખા), કૈલાશચંદ્ર સી કલાલ (ઉધારકર્તા), રેખાબેન કૈલાશચંદ્ર કલાલ (સહ-ઉધારકર્તા-૧)	૧૯.૧૨.૨૦૧૯ રૂા. ૧૪,૦૬,૦૩૦/- (રૂા. ચૌદ લાખ છ લાખ ત્રીસ પુરા)	તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકત એટલે કે યુનિટ નં. ડી/૩૦૨, શ્રી વિરાજ રેસીડેન્સી, મારૂતિ રેસીડેન્સીની પાસે, સિંગરવા લેક ની પાસે, કઠવાડા રોડ, અમદાવાદ - ૩૮૨૪૩૦. ચતુઃસીમા : ઉત્તરે : ટી પી રોડ, દક્ષિણે : ફ્લેટ નં. ડી-૩૦૧, પૂર્વે : ફ્લેટ નં. ડી-૩૦૩, પશ્ચિમે : સોસાયટી રોડ.	રૂા. ૧૫,૧૨,૦૦૦/- (રૂા. પંદર લાખ બાર હજાર પુરા)	રૂા. ૧,૫૧,૨૦૦/- (રૂા. એક લાખ એકાવન હજાર બસ્સો પુરા)	રૂા. ૨૪,૬૪,૬૩૩/- (રૂા. ચોવીસ લાખ ચોસઠ હજાર છસ્સો ત્રેત્રીસ પુરા)

ઈ-હરાજીની તારીખ : ૩૦.૧૨.૨૦૨૪, સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી (૫ મિનિટના અમર્યાદિત વધારા સાથે)
બીડ ભરવાની છેલ્લી તારીખ : ૨૮.૧૨.૨૦૨૪ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે

વેચાણના વિગતવાર નિયમો અને શરતો, કૃપા કરીને આપેલ લિંક : http://www.jmfinancialarc.com/Home/Assetsforsale OR https://www.bankauctions.in ની પણ મુલાકાત લઈ શકે છે.

ઉધારકર્તા / જામીનદાર / મોર્ગેજરને સરફેસી એક્ટ હેઠળ વૈધાનિક ૧૫ દિવસની વેચાણ નોટીસ

ઉપરોકત ઉધારકર્તા / જામીનદારોને આથી કલમ ૧૩(૨) હેઠળ નોટીસમાં દર્શાવેલ રકમ હરાજીની તારીખ પહેલાં ચડત વ્યાજ સાથે સંપૂર્ણ ચુકવાની સુચના આપવામાં આવે છે, જો નિષ્ફળ જાય તો મિલકતની હરાજી / વેચાણ કરવામાં આવશે અને ઉધારકર્તા / જામીનદારની બાકી લેણાં જો કોઈ વસુલ કરવામાં આવશે.

તારીખ : ૧૨.૧૨.૨૦૨૪, સ્થળ : ગુજરાત — **સહી/-, (અધિકૃત અધિકારી), (અરણ્ય - ટ્રસ્ટ)**